# વાવોલના તળાવમાં ગંદકીના ઢગ, મચ્છરો અને જીવાતનો ઉપદ્રવ

## કુબેરનગર વિસ્તારમાં કચરો એકત્રિત કરવાની કોઇ વ્યવસ્થા ન હોવાથી રહીશો તળાવમાં કચરો ફેંકે છે

ગાંધીનગર તા ૨૧

ચોમાસા દરમિયાન શહેરના સેકટરોમાં ગંદકીના ઢગ ખડકાયા છે. સફાઇના અભાવે મચ્છરો તેમજ જીવાતનો ઉપદ્રવ પણ વધ્યો છે. આવા સંજોગોમાં રોગચાળાની દહેશત પણ પ્રબળ બની છે. નગરના વાવોલ ગામમાં સ્થિત તળાવ પણ ગંદકીનુ ઉદભવ સ્થાન બન્યુ છે. તળાવ વિસ્તારમાં રોજબરોજ કચરો ફેંકવામાં આવતા તળાવ ગંદકીથી ખદબદી રહ્યુ છે. આ વિસ્તારમાં કચરાપેટી મુકવા માટે પણ સ્થાનિકોએ રજુઆત કરી છે.

વરસાદી દિવસો દરમિયાન શહેરના સેકટરોમાં અનેક વિધ દુવિધાઓનો ઢગ ખડકાયો છે. સેકટરો વરસાદી સમસ્યાની ચુંગાલમાં ઘેરાયેલા છે. જયારે સફાઇના અભાવે ઠેર ઠેર ગંદકી જોવા મળી રહી છે. શહેરની સાથે આસપાસા ગ્રામ્ય વિસ્તારની હાલત પણ આવી જ છે. શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં પણ ગંદકીના ઢગ જોવા મળે છે. શહેર નજીક સ્થિત વાવોલ ગામમાં સ્થિત તળાવ પણ હાલ ગંદકીનુ કેન્દ્ર સ્થાન બન્યુ છે. તળાવમાં ગંદકીના ઢગ ખડકાયા છે. કુબેરનગર વિસ્તારના રહીશો તળાવમાં કચરો ફેંકતા આ તળાવ કચરાથી ઉભરાઇ રહ્યુ હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે. આ વિસ્તારમાં કચેરાપેટી પણ મુકવામાં ન આવી હોવાથી નાગરિકો તળાવ વિસ્તારમાં કચરાનો ઢગ કરી રહ્યા છે. આ વિસ્તારમાં કચરાપેટી મુકવા માટે પણ સ્થાનિકોએ માંગણી કરી છે. તળાવની રોનક નિખારવા માટે અહીં કચરો ન ફેંકવામાં આવે તેવી વ્યવસ્થા ગોઠવવી અનિવાર્ય છે. ગામના પ્રવેશદ્વારે સ્થિત આ તળાવમાં ગંદકી વધતા મચ્છરો સહીત જીવાતનો ઉપદ્રવ પણ વધ્યો છે.



## ખૂણેખાંચરેથી

- ગુજરાત વિધાનસભા સંકુલ તેમજ સચિવાલયમાં આજે ૩૫૦થી વધુ એન્ટીજન ટેસ્ટ કરાયા હતા. જેમાંથી પાંચ દર્દી પોઝીટીવ હોવાનું જણાયુ હતુ.
- સેકટર-૬માં આવેલ વિકાસ સ્ટેશનર્સ દ્વારા ''પુસ્તક પરબ''નું અનોખુ આયોજન કરાયુ છે.
- ગાંધીનગર તાલુકા પંચાયતના હોદ્દેદારોએ આજે ચાર્જ સંભાળ્યો ત્યારે જિલ્લા કોંગ્રેસ પ્રમુખે આદરજ મોટીના ૨૫ કાર્યકરોએ કોંગ્રેસમાં જોડાવાની જાહેરાત કરતાં તેમને ખેસ પહેરાવી આવકાર્યા હતા.
- ગુજરાત બાર કાઉન્સીલના વાઈસ ચેરમેન શંકરસિંહ ગોહિલ કોરના સંક્રમિત થયા છે.
- ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળની આજે બોર્ડ બેઠક મળનાર છે.
- ગાંધીનગર જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં સોશિયલ ડિસ્ટન્સીંગના પાલનના અમલીકરણ અંગે હવે અધિકારીઓની ટીમ દ્વારા તપાસ કરાવવામાં આવશે તેવો નિર્ણય લેવાયો છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



**સાહેબ, રસી બસી આવે તેમ લાગતુ નથી કોરોના વધતો જાય છે... મારા કલાકાર વૃંદે કોરોનાની સ્તુતીનો ગરબો તૈયાર કર્યો છે... તમે નવરાત્રી કરવાની પરમીશન આપો તો ગરબો ગાઈ, કોરોનાને હરાવવા પ્રયત્ન કરીએ...!**

# અડાલજની પરિણિતાએ પતિ, દિયર અને સાસુ સામે શારીરીક માનસિક ત્રાસની ફરીયાદ નોંધાવી

ગાંધીનગર, તા.૨૧

સાદી ડોટ કોમ દ્વારા ૯ માસ પહેલા મળેલા યુવક-યુવતિએ ત્રણ મહિના પહેલા લગ્ન કર્યા હતા. ત્યારે પરિણિત યુવતિએ પતિ, દિયર અને સાસુ સામે શારીરીક માનસિક ત્રાસની ફરીયાદ અડાલજ ખાતે નોંધાવતા પોલીસે ગુનો નોંધી ધોરણસરની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ અડાલજ શ્રીનાથ રેસીડેન્સી વિભાગ-૨ ખાતે સાસરીમાં રહેતી પરિણિતા માનસી ઉમાકાંત રાવલનું પિયર સેટેલાઈટમાં થાય છે અને તેણીએ લંડનથી બેચલર ઓફ નર્સિંગનો અભ્યાસ કરેલો છે. માનસીએ ૯ માસ પહેલા સાદી ડોટ કોમ નામની વેબસાઈટ પર થી હિરેન વિનોદલાલ ભટ્ટ (ઉં.૩૮ પંચાલ)ના સંપર્કમાં આવી હતી. પરિવારની સહમતિથી બંન્નેએ ગત તા.૨૬ જુનના રોજ લગ્ન કર્યા હતા. લગ્ન બાદ પરિણિતા સાસરી અડાલજ ખાતે રહેતી હતી. સાસરી પક્ષમાં કમળાબેન વિનોદલાલ પંચાલ (ઉં.૫૯), તેમજ દિયર અંકુર (ઉં.૩૪) હતો. એક માસના લગ્ન જીવન દરમિયાન પરિણિતા ગર્ભવતી થઈ હતી. યુવતિના કહેવા પ્રમાણે પતિ હિરેનને યુ.કે.જવાનું હોવાથી સાસુએ તેને કહ્યું હતું કે તુ તારી પત્નીને સાથે લઈ જઈશ તો તારે તેનો બધો ખર્ચ ઉપાડવો પડશે. જેથી પતિ યુવતિને ગર્ભપાત માટે દબાણ કરવામાં આવતુ હતું. જયારે ઘરમાં દરેક નાની નાની વસ્તુને લઈ ઝઘડા થતા હતા. પરિણિતાના આક્ષેપ મુજબ પતિ તેને પૈસા કમાવવાનું શરુ કરવાનું તેમજ પિતાએ લગ્નમાં કંઈ આપ્યું ન હોવાનો ટોણો મારતો હતો. વારંવાર છુટાછેડાની ધમકી આપી બીજે લગ્ન કરી લેવાની ધમકી આપતો હતો. જેથી તા.૧૯ સપ્ટમ્બરના રોજ ઝઘડો થતા પતિ, સાસુ, અને દિયર બોલાચાલી કરીને ઝપાઝપી કરવા લાગ્યા હતા. જેને પગલે યુવતિએ ૧૦૦ નંબર પર કોલ કરીને પોલીસ બોલાવી હતી.સમગ્ર મુદ્દે અડાલજ પોલીસે શારીરીક માનસિક ત્રાસ અને દહેજની માંગણી અંગે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# શાહપુર પ્રાથમિક શાળાના આચાર્ય અશ્વિનભાઈ પ્રજાપતિ, આદર્શ શિક્ષારત્ન-૨૦૨૦ માટે પસંદગી

## ભારતમાંથી કુલ ૪૫૬૭ શિક્ષકોમાંથી ૧૩૧ શ્રેષ્ઠ શિક્ષકો સન્માન માટે પસંદ પામ્યા



આદર્શ સંસ્કાર શાળા મથુરા દ્વારા આયોજિત 'આદર્શ શિક્ષારત્ન' સન્માન માટે ગુગલ ફોર્મના માધ્યમથી ઓનલાઈન અરજી કરવામાં આવી હતી જેમાં દેશમાંથી કુલ ૪૫૬૭ શિક્ષક મિત્રોએ રજીસ્ટ્રેશન કરેલ જેમાંથી ૧૩૧ શ્રેષ્ઠ શિક્ષકોના ઉત્તમ કાર્યની નોંધ લઈ પસંદગી સમિતિ દ્વારા પસંદ કરવામાં આવેલ. જેમાં ઓનલાઈન ઈન્ટરવ્યૂ પણ લેવામાં આવ્યુ હતુ. સમગ્ર પ્રક્રિયામાં ઉત્તમ કામગીરીને ધ્યાને લેતા શાહપુર પ્રાથમિક શાળા ગાંધીનગરના આચાર્ય અશ્વિનભાઈ ભુલાભાઈ પ્રજાપતિની પસંદગી કરવામાં આવી છે. સદર પ્રોગ્રામ દર વર્ષે મથુરા ખાતે યોજવામાં આવે છે પણ ચાલુ વર્ષે કોરોના મહામારીના લીધે ૪ ઓક્ટોબરના રોજ ઓનલાઈન તેમજ ટી.વી. લાઈવ પ્રોગ્રામ યોજાશે. મારા બાળદેવો અને સાથી મિત્રોના સાથ-સહકારથી આ ગૌરવ મળી રહ્યું છે.



ગાંધીનગર તાલુકા પંચાયતના નવા વરાયેલા પ્રમુખ-ઉપ પ્રમુખે આજે તેમના હોદ્દાનો ચાર્જ સંભાળતાં જિલ્લા પંચાયતના પ્રમુખ મંગુબેન પટેલે તેમને શુભેચ્છાઓ આપી હતી.

# ચિલોડા આંગણવાડીમાં રાષ્ટ્રીય પોષણ માસ અંતર્ગત અનોખી રંગોળી દ્વારા ઉજવણી કરાઈ

ચિલોડા, તા. ૨૧

ભારત સરકાર દ્વારા જાહેર કરેલ ત્રીજા 'રાષ્ટ્રીય પોષણ માસ' અંતર્ગત વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ કાર્યક્રમનો ખાસ મુખ્ય હેતુ લોકોમાં પોષણયુક્ત આહાર અંગે જનજાગૃતિ કેળવવાનો છે. આ વિવિધ સ્પર્ધામાં ગામની બહેનો અને આંગણવાડી કાર્યકર્તા બહેનો દ્વારા વિવિધ પૌષ્ટિક વાનગીઓ રજુ કરવામાં આવે છે.

ત્યારે ચિલોડા સ્થિત આંગણવાડી બહેનો દ્વારા અનોખી પૌષ્ટિકયુક્ત આહાર બનાવવા માટે ઉપયોગી વિવિધ ખાદ્ય પાકોમાં ચોખા-દાળ-કઠોળ જેવા ધાન્યમાંથી સુંદર રંગબેરંગી રંગોળી સર્જન કરી રાષ્ટ્રીય પોષણ માસ 'હર હર ઘર' ૨૦૨૦ની સ્પર્ધા યોજી અનોખી ઉજવણી કરી હતી. જેમાં આંગણવાડી બહેનો જશોદાબેન, નીતાબેન રાવલ, જયાબેન રાવળ તથા આંગણવાડીની આસપાસ રહેતી ભુલકાઓને જોડી રસપ્રદ સ્પર્ધા યોજી હતી.



ગાંધીનગર નજીક આવેલ કુડાસણ ખાતે એક શાકભાજીની દુકાનમાં સોશિયલ ડિસ્ટન્સીંગ ન જળવાતુ હોવાની મળેલ ફરિયાદને પગલે જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારીની ટીમ ત્યાં ત્રાટકી હતી અને દંડનીય કાર્યવાહી કરી હતી.

# મેડિકલના વિદ્યાર્થીને કોવિડની ફરજિયાત ડ્યૂટી કરવી પડશે

સરકાર સંચાલિત મેડિકલ અને પેરામેડિકલ કોલેજો તેમજ ગુજરાત મેડિકલ એજ્યુકેશન રિસર્ચ સંલગ્ન મેડિકલ કોલેજના તમામ વિદ્યાર્થીઓને કોવિડ-૧૯ની ડ્યૂટી ફરજિયાત આપવાનો પરિપત્ર રાજ્ય સરકારે હાલમાં જ બહાર પાડ્યો છે. બીજા વર્ષ કે તેનાથી વધુના વિદ્યાર્થીઓને કોવિડ-૧૯ની ડ્યૂટી બજાવવાની રહેશે. ઉપરાંત ફિલ્ડ સર્વેલન્સ અને સુપરવિઝન, ઈન્ફેક્શન રોકવું અને નિયંત્રિત કરવું, સાઈકો-સોશિયલ કેર, દર્દીઓની દેખરેખમાં મદદ તેમજ હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓનું ધ્યાન રાખવાની કામગીરી પણ કરવી પડશે. આ પરિપત્રમાં ગ્રેજ્યુએશન કરી રહેલા મેડિકલ અને પેરામેડિકલના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને બાકાત રાખવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારે ૧૭ જુલાઈના રોજ સરકારી ઠરાવ પસાર કર્યો હતો. જેમાં મેડિકલ, ડેન્ટલ અને પેરામેડિકલ કોર્સના તમામ વિદ્યાર્થીઓને ફરજ પર હાજર રાખવા જેથી કોરોના મહામારીની સ્થિતિ સંભાળવામાં મદદ મળે, તેવો ઉલ્લેખ હતો.



વડોદરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ટીમ દ્વારા આજે વિધાનસભા ખાતે ધારાસભ્ય - કર્મચારીઓ અને પત્રકારોના એન્ટીજન ટેસ્ટ કરાયા હતા. જેમાં પાંચ કેસ પોઝીટીવ જણાતા તેમને હોમ આઈસોલેશનમાં મોકલવામાં આવ્યા હતા.

# જાહેર નવરાત્રિના આયોજનો નહીં કરવા જોઈએ : સી. આર. પાટીલ

ગાંધીનગર,તા.૨૧

રાજ્યમાં આ વર્ષે નવરાત્રિના આયોજન પર સરકાર અસમંજસમાં છે. આજથી લાગુ થયેલી ગાઈડલાઈન મુજબ જાહેર કાર્યક્રમોમાં ૧૦૦ વ્યક્તિ ભાગ લઈ શકે છે. જોકે, રાજ્યમાં ગત સપ્તાહોમાં યોજાયેલી ભાજપની રેલીઓ અને ત્યારબાદ સંક્રમિત થયેલા પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલે આજે એક વર્ચ્યુલ પ્રેસ કોન્ફરન્સ યોજવામાં આવી હતી.જેમાં તેમણે નવરાત્રિ યોજવી જોઈએ કે નહીં તે અંગે જણાવ્યું હતું. જોકે, અગાઉ આ મામલે રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે સરકાર અભિપ્રાય લઈ રહી છે અને ખૈલૈયાઓ તેમજ ગાઈડલાઈનને સાથે રાખીને કેવી રીતે આયોજન કરી શકાય અથવા તો આયોજન કરવું કે નહીં તે અંગે વધારે મોકળું મન રાખી નિર્ણય કરવામાં આવશે. સીઆર પાટીલે જણાવ્યું કે કોરોનાના આ કપરા કાળમાં હું અંગત રીતે માનું છું કે નવરાત્રિના આયોજનો ન કરવા જોઈએ. જોકે, સરકારે આ મુદ્દે હજુ સુધી કોઈ નિર્યણ લીધો નથી. જોકે, પોતાની રેલીઓના કારણે વિવાદમાં આવેલા પાટીલે તો સ્પષ્ટ કહી દીધું કે નવરાત્રિના આયોજનો કરવા ન જોઈએ. સીઆર પાટીલે આ ઉપરાંત કેન્દ્ર સરકાર દ્વારા કૃષિબીલ અંગે પણ માહિતી આપી છે.

# રાજ્યમાં ત્રણ દિવસ સુધી વરસાદ પડવાની સંભાવના


ગાંધીનગર,તા.૨૧

પાછલા અઠવાડિયા દરમિયાન રાજ્યમાં અમદાવાદ, ગાંધીનગર સહિત ઘણાં વિસ્તારોમાં છૂટો-છવાયો વરસાદ નોંધાયો હતો. આ જ રીતે આજથી નવા શરુ થયેલા અઠવાડિયામાં પણ રાજ્યમાં વરસાદી માહોલ રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. જેમાં ૨૨ સપ્ટેમ્બરથી આગામી ત્રણ દિવસ સુધી રાજ્યના કેટલાક વિસ્તારોમાં વરસાદ થવાની સંભાવના વ્યક્ત કરાઈ રહી છે. સપ્ટેમ્બર પછી ઓક્ટોબર મહિનામાં પણ વરસાદી સિસ્ટમ સક્રિય થવાની સંભાવના વ્યક્ત કરાઈ રહી છે.

હવામાન શાસ્ત્રી દ્વારા કરાયેલી આગાહી પ્રમાણે કેટલાક વિસ્તારોમાં વરસાદી માહોલ રહેશે જ્યારે ઘણાં વિસ્તારોમાં વરસાદ નહીંવત જોવા મળશે, સાથે જ ઓક્ટોબર માસમાં ચક્રવાતની પણ સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. બંગાળની ખાડીમાં ભેજયુક્ત હવા રાજ્ય તરફ ચાલી રહી છે જેના લીધે આગામી ત્રણ દિવસ સુધી સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને રાજ્યના અન્ય કેટલાક ભાગોમાં વરસાદી માહોલ બની શકે છે. આ વરસાદી સિસ્ટમના કારણે રાજ્યમાં સમગ્ર રાજ્યમાં વરસાદ થવાની સંભાવના નથી. ૨૦ દિવસ બાદ સપ્ટેમ્બર માસ પૂર્ણ થયા બાદ ઓક્ટોબરમાં ૯થી ૧૧ તારીખ દરમિયાન પણ વરસાદી સિસ્ટમ સક્રિય થવાની સંભાવના વ્યક્ત કરાઈ રહી છે.

જોકે, રાજ્યમાં ઘણાં ઠેકાણે ખેડૂતો હવે વધારે વરસાદ થયો હતો ખેતીને નુકસાન થવાનો ડર વ્યક્ત કરાઈ રહ્યો છે. આ વર્ષે રાજ્યમાં વરસાદ ૧૨૫% પાર કરીને ૧૨૬% પર પહોંચ્યો છે. આવામાં ભારે વરસાદની નકારાત્મક અસર પડવાની સંભાવનાઓ ઉભી થઈ રહી છે. રવિવારના દિવસે અમદાવાદમાં સાંજે વરસાદી માહોલ ઉભો થયા બાદ અચાનક કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ થતા રસ્તાઓ પર પાણી ભરાયા હતા.

જેમાં સરખેજ અને આસપાસના વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિનું નિર્માણ થયું હતું. જેમાં શહેરમાં સૌથી વધારે સરખેજ-જુહાપુરામાં ૪ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો હતો. આ સાથે ગાંધીનગરમાં પણ પાછલા ત્રણ દિવસથી વરસાદ નોંધાઈ રહ્યો છે. રવિવારે સાંજથી આકાશમાં કાળા ડિંબાગ વાદળો છવાયા હતા જે બાદ સરખેજ સહિત મણીનગર, પાલડી, ચાંદખેડા, દાણાપીઠ, ઓઢવ, દૂધેશ્વર વગેરે વિસ્તારોમાં વરસાદ થયો હતો.



શપથવિધિ : રાજ્યના નવનિયુક્ત માહિતી કમિશનર સર્વે શ્રી સુભાષભાઈ સોની અને અમૃતભાઈ પટેલને રાજ્યપાલશ્રી દેવવ્રત આચાર્યએ શપથ લેવડાવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે સચિવાલય કેડરના બંને નિવૃત્ત અધિકારીઓની નિમણૂકના હુકમો ગઈકાલે કરાયા હતા. આ સાથે માહિતી આયોગમાં છએ છ કમિશનરોની જગ્યાઓ હવે ભરાઈ ગઈ છે.

# આઈ-ખેડૂત પોર્ટલ પર વ્યકિતલક્ષી સહાયકારી યોજનાઓનો ઓનલાઈન ડ્રો યોજાયો

## કુલ ૧૮૦ લાભાર્થીઓની ૧૫.૭૧ લાખની સહાય માટે ઓનલાઈન ડ્રો થકી પસંદગી કરાઈ

ગાંધીનગર, તા.૨૧

આજે ગાંધીનગર જિલ્લા પંચાયતની પશુપાલન શાખા દ્વારા લાભાર્થીઓ મળીને કુલ ૧૮૦ લાભાર્થીઓનો સહાય મંજૂર કરવામાં આવી હતી. પસંદગી કરવામાં આવી હતી. આ ઉપરાંત ડ્રોમાં સામાન્ય જાતિના પશુપાલકોનો પાવર ડ્રીવન



આઈ-ખેડૂત પોર્ટલ પરની વિવિધલક્ષી સહાયકારી યોજનાઓનો ઓનલાઈન ડ્રો યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી શાલિની દુહાન અધ્યક્ષપદે ઉપસ્થિત રહ્યા હતા. ઓનલાઈન ડ્રોમાં વાછરડી પ્રોત્સાહક સહાય યોજનાના ૧૦૦ લાભાર્થીઓ, પાવર ડ્રીવન ચાફ કટર ખરીદી પર સહાય યોજના અંતર્ગત ૭૦ લાભાર્થીઓ અને બકરાં એકમ સહાય યોજનાના ૧૦

ગુજરાત રાજયના પશુપાલન વિભાગ દ્વારા વ્યકિતલક્ષી અને સંસ્થાકીય સહાયકારી યોજનાઓનો ઓનલાઈન ડ્રો આજે યોજાયો હતો. ઓનલાઈન ડ્રોમાં શુધ્ધ સંવર્ધન દ્વારા સ્થાનિક ઓલાદની ગાયોને કૃત્રિમ બીજદાથી જન્મેલ વાછરડીને પ્રોત્સાહક સહાય યોજના અંતર્ગત રૂ. ૩ હજારની સહાય આપવામાં આવે છે જે અંતર્ગત ૧૦૦ લાભાર્થીઓની ચાફકટર ખરીદી અંતર્ગત રૂ. ૧૮ હજારની સહાય માટે ૭૦ લાભાર્થીઓની પસંદગી અને જનરલ કેટેગરીના લાભાર્થીને બકરા એકમ સહાય અંતર્ગત રૂ. ૪૫ હજારની સહાય માટે ૧૦ લાભાર્થીની પસંદગી કરવામાં આવી હતી. આમ આઈ-ખેડૂત પોર્ટલ થકી ઓનલાઈન ડ્રો દ્વારા રૂ. ૧૫.૭૧ લાખની સહાય માટે લાભાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી.